બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પ્લેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

ALEVATE
MUGATLAL GROUP
MBS Aluminium Industries Pvt. Ltd.
Steel Trading Company
ALEVATEPRE-ENGINEERED BUILDING
- Turnkey Steel Building Solution
- Optimised Design
- Accurate manufacturing
- Speedy & Cost Saving Construction
- One Stop Solution for Roofing
Head Office : Krishna Pertrol pump, Udhna Main Road, Surat.
Factories : Sachin GIDC • Pipodara • Burhanpur (MP)
Mobile : 9512953830, 7575882332
E-mail: info@mbsaluminium.com Webside: www.alevate.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ દશમ ગુરુવાર ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦૬ પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# ભારતીય સોલાર પ્રોડક્ટ પર અમેરિકાએ 125 ટકાથી વધુ ડ્યુટી લાદી

**ભારત** સરકાર આ ઉત્પાદનો પર ગેરવ્યાજબી સબસિડી આપતી હોવાનો અમેરિકાનો આરોપ

**ટ્રમ્પ** તંત્ર દ્વારા તમામ દેશો પર લાદવામાં આવેલી 10 ટકા ટેરિફ ઉપરાંતની આ ડ્યુટી રહેશે

**નવી દિલ્હી, તા. 25 (PTI):** અમેરિકાએ ભારતમાંથી આયાત થતા સોલાર ઉત્પાદનો પર 125.87 ટકા જેટલી જંગી પ્રારંભિક 'કાઉન્ટરવેલિંગ ડ્યુટી' (સીવીડી) અથવા 'પ્રિતકારક ટેરિફ' લાદવાની જાહેરાત કરી છે. અમેરિકી વાણિજ્ય વિભાગનો આરોપ છે કે નવી દિલ્હી દ્વારા આ ઉત્પાદનો પર અપાતી સબસિડીને કારણે અમેરિકી બજારમાં સ્પર્ધા અયોગ્ય બની રહી છે.

નોંધનીય છે કે આ ડ્યુટી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા 24 ફેબ્રુઆરીથી તમામ દેશો પર લાદવામાં આવેલા 10 ટકા ટેરિફ ઉપરાંતની રહેશે. ભારત સિવાય ઈન્ડોનેશિયા અને લાઓસ પર પણ આવી જ ડ્યુટી લાદવામાં આવી છે.

અમેરિકી આંકડાઓ દર્શાવે છે કે ભારતથી અમેરિકામાં સોલાર આયાત 2022માં 83.86 મિલિયન ડોલર હતી, જે 2024માં વધીને 792.6 મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે.

આ મામલે અંતિમ નિર્ણય જુલાઈ 2026માં લેવામાં આવશે. બીજી તરફ, ભારત સરકાર તેના ઘરેલું સોલાર મેન્યુફેક્ચરિંગને વેગ આપવા માટે અનેક પગલાં લઈ રહી છે. પીએમ-કુસુમ અને રૂફટોપ સોલાર જેવી યોજનાઓમાં ભારતીય પેનલ્સનો ઉપયોગ ફરજિયાત બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, પીએલઆઈ સ્કીમ હેઠળ દેશમાં 48.3 ગીગાવોટ ક્ષમતાના સોલાર મોડ્યુલ ઉત્પાદન યુનિટો સ્થાપવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે.

ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો સોલાર પાવર ઉત્પાદક દેશ છે. સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ભારતે પણ 2022થી વિદેશી સોલાર સેલ પર કસ્ટમ ડ્યુટી લાદી છે, જેના પરિણામે ખાસ કરીને ચીનથી થતી આયાતમાં ઘટાડો નોંધાયો છે. ચીનથી થતી આયાત 2.85 અબજ ડોલરથી ઘટીને 1.7 અબજ ડોલર થઈ ગઈ છે.

જોકે, અમેરિકાના આ નવા વલણથી ભારતીય સોલાર નિકાસકારો સામે મોટા પડકારો ઊભા થવાની શક્યતા છે.

# પીએમ મોદીનું ઇઝરાયલમાં રેડ કાર્પેટ સાથે જોશીલું સ્વાગત

**પત્ની** સારા સાથે એરપોર્ટ પહોંચેલા બેન્જામિન નેતન્યાહુએ મોદીને આવકારતા કહ્યું 'મારા મિત્ર તમારું સ્વાગત છે'

**હોટેલ** ખાતે ભારતીય સમુદાય અને યહૂદી ભારતીય પ્રવાસીઓના પ્રતિનિધિઓએ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું





**જેરુસલેમ, તા. 25 (PTI):** બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઇઝરાયેલ પહોંચ્યા હતા, જ્યાં તેમનું રેડ કાર્પેટ સાથે ભવ્ય અને જોશીલું સ્વાગત કરાયું હતું. બેન ગુરિયન એરપોર્ટ પર ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને તેમનાં પત્ની સારાએ વડા પ્રધાન મોદીનું સ્વાગત કર્યું, જે બંને દેશોના સંબંધોમાં નવા વેગનો સંકેત માનવામાં આવી રહ્યો છે.

એરપોર્ટ પર નેતન્યાહુએ કહ્યું હતું, મારા મિત્ર વડા પ્રધાન મોદી તમારું સ્વાગત કરવું તે બહુ જ સન્માનની વાત છે. નેતન્યાહુએ મોદીને આત્મીય આલિંગન અને હસ્તમિલન સાથે આવકાર્યા હતા. આ પ્રસંગે નેતન્યાહુએ કહ્યું કે મોદી સાથે તેમની નજીકની વ્યક્તિગત મિત્રતા છે અને તે ભારત-ઇઝરાયેલ સંબંધોમાં પણ સ્પષ્ટ રીતે દેખાય છે. મોદીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે એરપોર્ટ પર મળેલા આ સન્માનથી તેઓ અત્યંત ગૌરવ અનુભવે છે અને દ્વિપક્ષીય ચર્ચાઓથી મિત્રતા વધુ મજબૂત બનશે.

એરપોર્ટ પર સ્વાગત બાદ હોટેલ ખાતે વડાપ્રધાન મોદીને ભારતીય સમુદાય અને યહૂદી ભારતીય પ્રવાસીઓના પ્રતિનિધિઓ દ્વારા ઉષ્માભર્યું અને ઉત્સાહભર્યું સ્વાગત અપાયું હતું.

પ્રવાસ પહેલાંના નિવેદનમાં મોદીએ કહ્યું હતું કે ભારત અને ઇઝરાયેલ વચ્ચે મજબૂત અને બહુઆયામી વ્યૂહાત્મક ભાગીદારી છે, જેમાં તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વિકાસ થયો છે. તેમણે વિજ્ઞાન-તકનીક, નવીનતા, ખેતી, પાણી વ્યવસ્થાપન, સંરક્ષણ, સુરક્ષા, વેપાર-રોકાણ અને લોકો વચ્ચેના સંબંધોમાં સહકાર વધારવા અંગે ચર્ચાની આશા વ્યક્ત કરી.

મોદીનો આ પ્રવાસ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે થઈ રહ્યો હોવાથી તેનું મહત્વ વધુ વધી જાય છે. બંને દેશો વચ્ચે સંરક્ષણ, સાયબર સુરક્ષા અને ઈવોવેશનના ક્ષેત્રે સંબંધો મજબૂત બન્યા છે. વડા પ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ મુલાકાત ભારત-ઇઝરાયેલ મિત્રતાને નવી દિશા આપશે અને ભવિષ્ય માટે સંયુક્ત દ્રષ્ટિને આગળ વધારશે.

### મોદી અને નેતન્યાહુ વચ્ચે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઇ

**જેરૂસલેમ.** વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ વચ્ચે બુધવારે બેઠક યોજાઈ હતી, જેમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાના હેતુથી વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી તેમજ પ્રદેશની મહત્વની ઘટનાઓ પર પણ વિચારવિમર્શ થયો હતો. એરપોર્ટ પર મોદીના સ્વાગત સમારોહ બાદ બંને નેતાઓ વચ્ચે ખાનગી બેઠક પણ યોજાઈ હતી. બેઠક

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી



### ભારત-અમેરિકા સંબંધો : પીઆઈઓના પ્રભાવનો અંત?

લાંબા સમયથી ચર્ચિત ભારત-અમેરિકા વેપાર કરારની આખરે જાહેરાત કરવામાં આવી, પરંતુ અમેરિકામાં ભારતીય મૂળના વ્યક્તિઓ (પીઆઈઓ)ના જે વર્ચસ્વનો પ્રચાર કરવામાં આવતો હતો તે આ અસ્પષ્ટ સમજૂતી સુધી પહોંચવામાં બહુ ઓછી ભૂમિકા ભજવતો જણાઈ રહ્યો છે.હકીકતમાં, વર્ષ 2025એ એ ધારણાઓને તોડી પાડી કે ભારતની સૌથી મૂલ્યવાન નિકાસ પીઆઈઓ છે, જે અમેરિકા સાથેના વિશેષ સંબંધોનો પાયો છે. આ એ જ પીઆઈઓ છે જેમના માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની 2014માં મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતેની રેલી અને ટેક્સાસમાં 'હાઉડી મોદી' જેવા શક્તિ પ્રદર્શનો યોજવામાં આવ્યા હતા. એક સમયે પીઆઈઓને અમેરિકાના 'મોડેલ ઇમિગ્રન્ટ્સ' તરીકે જોવામાં આવતા હતા, જેમની સરેરાશ ઘરગથ્થુ આવક અમેરિકાની સરેરાશ આવક કરતાં પણ વધુ અને ગુનાખોરીનો દર ઓછો હતો. ભારતીય અમેરિકનોએ કોર્પોરેટ દિગ્ગજોનું નેતૃત્વ કર્યું છે અને ટ્રમ્પના ચૂંટણી પ્રચારમાં લાખોનું દાન આપ્યું છે. તેઓએ શિક્ષણથી લઈને ટેક્નોલોજી, બેન્કિંગ અને ચિકિત્સા ક્ષેત્રે પોતાનું નામ બનાવ્યું છે. પીઆઈઓ હવે અમેરિકાના રાજકારણમાં પણ પ્રવેશ્યા છે, જે પરંપરાગત રીતે દેશમાં મજબૂત મૂળ ધરાવતા લોકોનું ક્ષેત્ર ગણાતું હતું. કુમારી કમલા હેરિસ 2024માં ડેમોક્રેટ પ્રમુખપદના ઉમેદવાર

...અનુસંધાન પાના 11 પર

# સીજેઆઈની નારાજગીથી NCERTએ 'ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર' વાળુ પુસ્તક હટાવ્યું

**ન્યાયતંત્રને** બદનામ કરવાની મંજૂરી કોઈને આપવામાં આવશે નહીં : ચીફ જસ્ટિસ સૂર્યકાંત

**એનસીઈઆરટીએ** પુસ્તક વેબસાઈટ પરથી હટાવ્યું, છપાયેલા પુસ્તકમાં પણ સુધારો કરાશે

**નવી દિલ્હી, તા. 25 (PTI):** ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યાકાંતે ધોરણ 8ના એનસીઈઆરટી પાઠ્યપુસ્તકમાં 'ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર' વિષય પરના પ્રકરણ સામે સખત વાંધો ઉઠાવતા કહ્યું છે કે, ન્યાયતંત્રને બદનામ કરવાની કે તેની અખંડિતતાને ઠેસ પહોંચાડવાની મંજૂરી કોઈને આપવામાં આવશે નહીં. સીજેઆઈના નારાજ થયા બાદ એનસીઈઆરટીએ પોતાની વેબસાઈટ પરથી આ પુસ્તક હટાવી લીધું છે.

વરિષ્ઠ વકીલ કપિલ સિબલ અને અભિષેક મનુ સિંઘવીએ આ ગંભીર બાબત તરફ કોર્ટનું ધ્યાન દોર્યા બાદ, સીજેઆઈની આગેવાની હેઠળની ત્રણ જજોની બેન્ચે આ મામલે 'સુઓ મોટો' (સ્વતઃ સંજ્ઞાન) નોંધ લીધી છે. સીજેઆઈએ આક્રોશ સાથે કહ્યું કે, તેઓ આ સંસ્થાની ગરિમાને કલંકિત થવા દેશે નહીં અને કાયદો પોતાનું કામ કરશે.



એનસીઈઆરટીના સામાજિક વિજ્ઞાનના નવા પાઠ્યપુસ્તકમાં ભ્રષ્ટાચાર, પડતર કેસોનો ભરાવો અને જજોની અછતને ન્યાયતંત્રના પડકારો તરીકે દર્શાવવામાં આવ્યા હતા. સિંઘવીએ દલીલ કરી હતી કે આ પુસ્તકમાં પસંદગીનો અભિગમ અપનાવાયો છે; વહીવટીતંત્ર કે રાજકારણમાં ભ્રષ્ટાચાર વિશે એક પણ શબ્દ નથી, માત્ર ન્યાયતંત્રને જ નિશાન બનાવવામાં આવ્યું છે.

આ વિવાદ બાદ એનસીઈઆરટીએ તાત્કાલિક ધોરણે પોતાની વેબસાઈટ પરથી આ પુસ્તક હટાવી લીધું છે અને છપાયેલા પુસ્તકોમાંથી વિવાદાસ્પદ અંશો દૂર કરવાની વિચારણા હાથ ધરી છે. સાથે જ આ પ્રકરણ તૈયાર કરનાર નિષ્ણાતો અને તેને મંજૂરી આપનાર અધિકારીઓની તપાસ માટે આંતરિક બેઠક બોલાવી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂર્વ સીજેઆઈ બી.આર. ગવઈના નિવેદનને પણ સંદર્ભ વિના ટાંકવામાં આવ્યું હતું, જેનાથી તેઓ નારાજ છે. કાયદા મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે જો ભ્રષ્ટાચાર વિશે ભણાવવું જ હોય તો તે અધિકારી, ન્યાયતંત્ર અને ધારાસભા ત્રણેય અંગો વિશે હોવું જોઈએ. હાલમાં આ મામલો અદાલતમાં હોવાથી એનસીઈઆરટીના અધિકારીઓએ મૌન સેવ્યું છે, પરંતુ આ પ્રકરણ તૈયાર કરનારા નિષ્ણાતો સામે તપાસની શક્યતા છે.

# પરમાણુ ચર્ચાઓ પહેલાં ટ્રમ્પના દબાણ સામે તેહરાનનું કડક વલણ

**'માન-**સન્માનભર્યા રાજનૈતિક સંવાદ' દ્વારા સમજૂતી શક્ય: ઈરાની અધિકારીઓ

**દુબઈ, તા. 25 (AP):** ઈરાને તેના પરમાણુ કાર્યક્રમ અંગે જિનેવામાં થનારી મહત્વની ચર્ચાઓ પહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દબાણભર્યા વલણ સામે બુધવારે કડક પ્રતિક્રિયા આપી છે. ઈરાની અધિકારીઓએ ટ્રમ્પના નિવેદનોને મોટા જૂઠાણાં ગણાવ્યા, પરંતુ સાથે જ "માન-સન્માનભર્યા રાજનૈતિક સંવાદ" દ્વારા સમજૂતી શક્ય હોવાનું પણ જણાવ્યું.

આ નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે ગુરુવારે બંને દેશો વચ્ચે બેઠક થવાની છે અને અમેરિકા છેલ્લા દાયકાઓમાં મધ્ય પૂર્વમાં સૌથી મોટું લશ્કરી તૈનાતી કરી રહ્યું છે. જો વાતચીત નિષ્ફળ જાય તો ટ્રમ્પ દ્વારા ઈરાન પર હુમલાની ધમકી આપવામાં આવી છે, જેનાથી સમગ્ર પ્રદેશમાં નવા યુદ્ધની આશંકા વધી ગઈ છે. ઈરાને પણ ચેતવણી આપી છે કે મધ્ય પૂર્વમાં આવેલા તમામ અમેરિકન સૈન્ય અડ્ડાઓ તેમના માટે કાયદેસર નિશાન બનશે.

ટ્રમ્પે સ્ટેટ ઓફ ધ યુનિયન ભાષણમાં ઈરાન પર પરમાણુ અને મિસાઈલ કાર્યક્રમ ફરી શરૂ કરવાનો આરોપ મૂક્યો હતો.

તેના જવાબમાં ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બગાઈએ ટ્રમ્પ પર ખોટી માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગેના આરોપો "જૂઠાણાંની પુનરાવૃતિ" છે. ઈરાને લાંબા સમયથી દાવો કર્યો છે કે તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ છે.

ઈરાનના સંસદ અધ્યક્ષ મહમ્મદ બાકેર કાલિબાફે કહ્યું કે અમેરિકા જો ઈરાનની ગૌરવ અને પરસ્પર હિતોને માન આપતી રાજનૈતિક વાતચીત પસંદ કરે તો તેહરાન પણ તૈયાર છે, પરંતુ જો છેતરપિંડી કે હુમલો કરવામાં આવશે તો તેનો કડક જવાબ મળશે.

ઈરાન અને અમેરિકા વચ્ચે ઓમાનની મધ્યસ્થતામાં ગુરુવારે જિનેવામાં ત્રીજા તબક્કાની ચર્ચા યોજાવાની છે. જો આ વાતચીત નિષ્ફળ જશે તો સૈન્ય કાર્યવાહીના સમય અને તેના પરિણામોને લઈને અનિશ્ચિતતા વધુ ઘેરી બનશે. તેલના ભાવમાં પણ આ તણાવના કારણે વધારો નોંધાઈ રહ્યો છે.

# ઈડીએ અનિલ અંબાણીનું રૂ. 3,716 કરોડનું ઘર 'એબોડ' ટાંચમાં લીધું

**અનિલ** અંબાણી બેંક લોન ફ્રોડ કેસમાં પૂછપરછના બીજા રાઉન્ડમાં હાજર થવાના એક દિવસ પહેલા ઇડીની કાર્યવાહી

**મુંબઇના** પાલી હિલ વિસ્તારમાં આવેલું આ આલીશાન ઘર 66 મીટર ઉંચુ અને 17 માળનું હોવાનું જણાવાયું

**નવી દિલ્હી, તા. 25 (PTI) :** એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ બુધવારે જણાવ્યું હતું કે તેણે એન્ટી મની લોન્ડરિંગ કાયદા હેઠળ રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીનું મુંબઈનું રૂ. 3,716 કરોડની કિંમત ધરાવતું ઘર 'એડોબ' ટાંચમાં લીધું છે. આ કાર્યવાહી અંબાણી ગુરુવારે રિલાયન્સ કોમ્યુનિકેશન્સ સાથે જોડાયેલા કથિત બેંક લોન ફ્રોડના કેસમાં પૂછપરછના બીજા રાઉન્ડ માટે ફેડરલ તપાસ એજન્સી સમક્ષ હાજર થવાના એક દિવસ પહેલા કરવામાં આવી છે.

મુંબઈના પાલી હિલ વિસ્તારમાં આવેલું આ આલીશાન ઘર 66 મીટર ઊંચું અને 17 માળનું હોવાનું જણાવાયું છે. ફેડરલ તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અંબાણીની ગ્રુપ કંપની RCOM દ્વારા કથિત બેંક છેતરપિંડી સાથે જોડાયેલા કેસમાં આ બહુમાળી ઘરને ટાંચમાં લેવા માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ કામચલાઉ આદેશ જારી કરવામાં આવ્યો છે.

એજન્સીએ જણાવ્યું હતું કે ટાંચમાં લેવાયેલી સંપત્તિનું મૂલ્ય 3,716.83

...અનુસંધાન પાના 11 પર

**સંગમમાં પાપ ધોવા જતાં પહેલા જ સોશિયલ મીડિયા પર 'ધોવાઈ' ગયા!**

# BSNL ડાયરેક્ટરનો સંગમ સ્નાનનો શાહી પ્રોટોકોલ

**સાબુ,** શેમ્પુ, ટુવાલ, અંડરગાર્મેન્ટ જેવી વસ્તુઓની વ્યવસ્થા માટે અલગ અલગ 50 અધિકારીઓ-કર્મચારીઓ નિયુક્ત કરાયા હતા ભારે વિવાદને પગલે આદેશ રદ કરાયો

**કેન્દ્રીય** મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આ મામલાને વાહિયાત અને આઘાતજનક ગણાવી કારણ બતાવો નોટિસ જારી કરી

**નવી દિલ્હી, તા. 25 (PTI):** બીએસએનએલના ડાયરેક્ટર વિવેક બંઝલનો 25 ફેબ્રુઆરીનો પ્રયાગરાજ પ્રવાસ તેમના માટે તૈયાર કરાયેલા 'શાહી પ્રોટોકોલ'ને કારણે વિવાદમાં આવ્યા બાદ રદ કરવામાં આવ્યો છે. 19 ફેબ્રુઆરીએ ડીજીએમ સ્તરથી જારી કરાયેલા આ આદેશમાં ડાયરેક્ટરના સંગમ સ્નાન, ટુવાલ, કપડાં અને ભોજન જેવી અંગત વ્યવસ્થાઓ માટે 50થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓની ફોજ તૈનાત કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર આ મિનિટ-ટુ-મિનિટ કાર્યક્રમ વાયરલ થતા જ લોકોએ સરકારી સંસાધનોના દુરુપયોગ પર તીખા સવાલો ઉઠાવ્યા હતા. વાયરલ પ્રોટોકોલમાં સ્નાન માટેની કિટમાં અન્ડરગારમેન્ટ્સ, સાબુ, શેમ્પૂ અને તેલ જેવી નાની વસ્તુઓની 20 જેટલી જવાબદારી પણ અલગ-અલગ અધિકારીઓને સોંપાઈ હતી.

આ મામલે કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કડક વલણ અપનાવતા આ વ્યવસ્થાઓને 'વાહિયાત અને આઘાતજનક' ગણાવી છે. સિંધિયાએ કહ્યું કે 'નવા ભારતમાં આ પ્રકારનો આદેશ અસ્વીકાર્ય છે' અને આ મામલે કારણ બતાવો નોટિસ (શો કોઝ નોટિસ) જારી કરવામાં આવી છે.

બીજી તરફ, બીએસએનએલ ઈન્ડિયાએ પણ સ્પષ્ટતા કરી છે કે આ ઘટના પ્રોફેશનલ સ્ટાન્ડર્ડ્સની વિરુદ્ધ છે અને જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી છે. 1987 બેચના આઈટીએસ (આઈટીએસ) અધિકારી વિવેક બંઝલના આ પ્રવાસમાં સંગમ સ્નાનથી લઈને હોટલ સુધી ડ્રાય ફ્રૂટ્સ અને શેવિંગ કિટ જેવી ઝીણવટભરી વ્યવસ્થાઓના આદેશથી સોશિયલ મીડિયા પર ભારે ફજેતી થઈ હતી.

# એપસ્ટીન સાથેના સંબંધ પર બિલ ગેટ્સે ફાઉન્ડેશનના સ્ટાફની માફી માગી

**ગેટ્સે** સ્વીકાર્યું તેમના બે રશિયન મહિલાઓ સાથે સંબંધો હતા પણ એપસ્ટીનના ગુનાઓમાં સંડોવાયેલા નથી

**ન્યૂયોર્ક, તા. 25 (PTI):** અમેરિકન ટેક ઉદ્યોગપતિ બિલ ગેટ્સે દોષિત યૌન અપરાધી જેફરી એપસ્ટીન સાથેના પોતાના સંબંધોને લઈને ગેટ્સ ફાઉન્ડેશનના સ્ટાફની માફી માંગી છે, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેમણે કોઈ પણ ગેરકાયદેસર કૃત્ય કર્યું નથી, એમ એક મીડિયા રિપોર્ટમાં જણાવાયું છે.

માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક ગેટ્સે સ્વીકાર્યું કે તેમના બે રશિયન મહિલાઓ સાથે સંબંધો હતા અને તેમની કેટલીક ભૂલોને કારણે દાનકારી સંસ્થાની છબી પર આંચ આવી છે. જોકે, તેમણે દાવો કર્યો કે તેઓ એપસ્ટીનના ગુનાઓમાં સંડોવાયેલા નથી.

વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, તાજેતરમાં અમેરિકાના ન્યાય વિભાગ દ્વારા જાહેર કરાયેલા "એપસ્ટીન ફાઈલ્સ"માં ગેટ્સ સહિત અનેક પ્રખ્યાત વ્યક્તિઓના નામો સામે આવ્યા છે.

મંગળવારે યોજાયેલી ટાઉનહોલ બેઠકમાં ગેટ્સે કહ્યું કે એપસ્ટીનને તેમના આ સંબંધોની જાણ થઈ હતી, પરંતુ તેનો એપસ્ટીનની પીડિતાઓ સાથે કોઈ સંબંધ ન હતો. તેમણે ઉમેર્યું કે ફાઈલ્સમાં દર્શાવાયેલી કેટલીક તસવીરો એપસ્ટીનની વિનંતી પર તેની સહાયક મહિલાઓ સાથે લેવાયેલી હતી. ગેટ્સે સ્વીકાર્યું કે એપસ્ટીન સાથે સમય વિતાવવો અને ગેટ્સ ફાઉન્ડેશનના અધિકારીઓને તેની સાથેની બેઠકોમાં લાવવું મોટી ભૂલ હતી.

...અનુસંધાન પાના 11 પર

### તા. ૨૫-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૮° સે. | ૧૯.૬° સે. | ૨૨% |